





નેતામાં રાખેલી અપેક્ષાથી, હાથ ધોઇ નાખ્યા!
ને ઉજળાં ભાવિની આશાથી, હાથ ધોઇ નાખ્યા!
હાથ ધોઇ નાખ્યા છે બાળકોએ મૂલ્ય-નિષ્ઠાથી -
ન્યાય, નીતિ અને શિક્ષણથી, હાથ ધોઇ નાખ્યા!
(હેન્ડ વોશ ડે - ભોપાલમાં બાળકોનો વિક્રમ)

નેતાની જીભે,
બેઠી છે તલવાર -
કાપે ઝટકે..
(ભાષાનું સ્તર ખાડે)

અમને માત્ર -
'મત'થી મતલબ,
કાલે, 'તું કોણ?'
(વચનો મત મશીનમાં)




## ચિંતન

**યથા ખનન્ ખનિત્રેણ નરો વાર્યધિગચ્છતિ । તથા ગુરૂગતં વિદ્યા શુશ્રુષુર ધિગચ્છતિ ॥**

જેમ કોસ-કોદાળી-પાવડાથી જમીન ખોદતો જ-ખોદતો રહે ત્યારે (એ કુવામાંથી) પુરૂષને વ્યક્તિને પાણીની પ્રાપ્તિ થાય છે. એવી જ રીતે ગુરૂ-વિષય નિષ્ણાત-જાણકારની સર્વ પ્રકારે સેવા કરનારને-શિષ્યને ગુરૂ પ્રસન્નતાથી જરૂર વિદ્યાની પ્રાપ્તિ થાય છે.'

પ્રાચીન જમાનામાં જયારે 'આશ્રમ' નિવાસમાં - બ્રહ્મચર્ય આશ્રમમાં રાજાના કુંવર અને સામાન્ય જન ગુરૂના આશ્રમ-સેવાભાવી-નમ્ર- અને ગુણવાન બુદ્ધિમાન વિદ્યાર્થી-ગુરૂવર્યનું હૃદય જીતી પુત્રવત પ્રેમ પ્રાપ્ત કરી, ગુરૂજીની અંતઃકરણ પૂર્વકની શુભેચ્છાથી ગોપ્ય હોય એવી પણ વિદ્યા પ્રાપ્ત કરી શકતો હતો, શિષ્યનો પુરૂષાર્થ એ રીતે ફલિત થયો.

આજના જમાનામાં ગુરૂ-શિષ્યના સંબંધો વચ્ચે ઊંડી ખીણ પડી છે. પ્રેમભાવ-પૂજ્યભાવ રહ્યા નથી. માત્રે પૈસાનો સેતુ જ છે ત્યારે પણ કોઇક-કયાંક આજ્ઞાંકિત-પ્રેમાળ વિદ્યાર્થીઓ 'શિક્ષક'નો પ્રેમ પ્રાપ્ત કરી શકે છે.

## સુવિચાર

- જીવનના દરેક નિર્ણય લેતી વખતે જેમને રેડ સિગ્નલ પર ઉભા રહી જવાની સમજ પડતી હોય તેઓ જ ગ્રીન સિગ્નલની મજા લઇ શકે છે **- ધ્વનિત**
- આપણે આપણા આદર્શ, ધ્યેય અને સિદ્ધાંત ભૂલી જઇએ તો અને તો જ નિષ્ફળ જઇએ **- નારાયણ મૂર્તિ**
- સફળ થવા માટે નિષ્ફળતાના ડર કરતાં સફળતા માટેની તમારી અપેક્ષા વધારે મોટી હોવી જોઇએ **- સ્ટીફન કોવી**
- લખાપટ્ટી, અરજી, દલીલો નિરર્થક, નથી ચાલતી મોત પણ કંઇ સિફારસ **- ભગવતીકુમાર શર્મા**
- એક માત્ર માણસ જ એવો પશુ છે જે પોતાનો શિકાર ગળી જતો નથી ત્યાં સુધી એની સાથે મૈત્રી સંબંધ જાળવી રાખે છે **- માનસસૂત્ર**
- બીજાઓ માટે પ્રેમથી પ્રેરિત થઇને જે કંઇ કરવામાં આવે છે તે સાચી સેવા છે **- સરદાર પટેલ**
- મનુષ્ય સહેલાઇથી પોતાને ઇશ્વર માની લેતો નથી તેનું કારણ પેટ છે- **ખલીલ જીબ્રાન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજની યુવા પેઢીને 'સમય' ની તો કોઇ કિંમત જ નથી. 'સમયસર' તૈયાર થવું, કામ ધંધે જવું, કોઇને ઘેર મળવા જવું, આમાં વચ્ચે 'સમયસર' શબ્દ તો આવતો જ નથી. જેને 'સમય'ની કિંમત નથી એની સમાજમાં કોઇ જ કિંમત નથી.' એક પણ પળ નકામી વેડફી નાખનારાને જિંદગીની કોઇ જ કિંમત-કદર નથી. આજે યુવાનો ટોળટપ્પા-મોબાઇલ-મેસેજ, લેપટોપ-ફેસબુક કલાકો-દિવસો બરાબર કરી નાખે છે છતાંય એમને કોઇ જ અફસોસ નથી.

ગાંધીજીને સમયની ખૂબ જ કિંમત હતી. મૂલાકાતીઓને 'મિનિટ'માં જ સમય આપતા એમાં પણ જો મળનારો મોડો આવે તો મુલાકાત રદ્દ કરી નાખે. સભા-મિટીંગ જેવા જાહેર કાર્યક્રમ પણ ગાંધીજી તો સમયસર જ હાજર હોય. એમને લેવા આવનાર વ્યક્તિ જો સમયસર ન આવે તો ગાંધીજી પગપાળા જ નીકળી જાય!

૧૯૧૬ની સાલમાં 'ગુજરાત રાજકીય પરિષદ' ગોધરામાં ભરાઇ. શ્રી લોકમાન્ય પણ આ પરિષદમાં હાજર રહેવાના હતા. સભા સમયસર શરૂ થઇ. લોકમાન્ય અર્ધો કલાક મોડા આવ્યા. ગાંધીજીનું ભાષણ ચાલુ હતું. બાપુએ ભાષણ વચ્ચે જ લોકમાન્યને સંભળાવી દીધું. 'લોકમાન્ય, અર્ધો કલાક મોડા આવ્યા છે. હવે જો સ્વરાજ મેળવવામાં અર્ધો કલાક મોડું થયું તો એને માટે 'લોકમાન્ય' જવાબદાર ગણાશે.'

Email - sureshchandrabhatt18@gmail.com

# કયો દેશ ૨૦૧૬માં સૌ પ્રથમ ઘન બળતણ દ્વારા રોકેટ છોડવાનો છે?

## મહત્વની ઘટનાઓ

(૧) ડબલ્યુ.જી.સી. કેડિલેક ચેમ્પીયનશીપ ૨૦૧૩ કોણ જીત્યું?
(અ) મેકલોરી (બ) જસ્ટીન રોઝ
(ક) ટાઇગર વુડ્ઝ (ડ) રીચાર્ડ સ્ટેર્ન

(૨) કયો દેશ ૨૦૧૬માં સૌ પ્રથમ ઘન બળતણ દ્વારા રોકેટ છોડવાનો છે?
(અ) ભારત (બ) અમેરિકા
(ક) ઈંગ્લેન્ડ (ડ) ચીન

(૩) કોની અધ્યક્ષતા હેઠળ આઇ એન્ડ બી એકસપર્ટ કમિટી પસાર ભારતીની કામગીરીની પ્રશંસા કરી છે?
(અ) શેખર કપૂર (બ) જવાહર સરકાર
(ક) સામ પિત્રોડા (ડ) ડૉ. બી.કે. ગેરોલા

(૪) બેંગકોક ગ્લોબલ સિટીઝન એવોર્ડથી કોને સન્માનિત કરવામાં આવ્યા?
(અ) આનંદ શર્મા (બ) એસ.પી. જયપાલ રેડ્ડી
(ક) વીરપ્પા મોઈલી (ડ) પી. ચિદંબરમ્

(૫) અમેરિકાની હાઈકોર્ટના પહેલા ભારતીય ન્યાયાધીશ કોણ બન્યું?
(અ) રમેશ નૈયર (બ) શ્રીકાંત શ્રીનિવાસન
(ક) વિજય કાપડિયા (ડ) અનુરાગ બાસુ

(૬) ૧૩મા દાદા સાહેબ ફાળકે એવોર્ડના વિજેતા કોણ છે?
(અ) મન્નાડે (બ) ભપ્પી લહેરી
(ક) યશ ચોપડા (ડ) રાહુલદેવ બર્મન

(૭) ૧૭ લાખ અમેરીકન ડોલરનો ૨૦૧૩નો ટેમ્પલશન એવોર્ડ કોને એનાયત કરવામાં આવ્યો?
(અ) નેલ્સન મંડેલા (બ) મલાલા
(ક) ડેસમન્ટ ટુટુ (ડ) વિરભદ્રસિંહ

(૮) અમેરીકાના મેક્સિકો ખાતે ભારતના રાજદૂત કોણ છે?
(અ) દીપક પારેખ (બ) સુજન ચિનોય
(ક) સુરેશ સરૈયા (ડ) પી. રામાસ્વામી

(૯) ફોર્ચ્યુન-૫૦૦ સત્તાવાર આખરી યાદીમાં કઇ કંપની સૌથી વધુ નફો ધરાવતી કંપની બની?
(અ) એકસોન મોબાઇલ (બ) વોલમાર્ટ
(ક) શેવરોન (ડ) એપલ

(૧૦) કયા પક્ષીની પ્રજાતિના સંરક્ષણ માટે ભારતના પર્યાવરણ મંત્રાલયે તેના પીંછાના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો?
(અ) બતક (બ) મોર
(ક) મરઘી (ડ) સમડી

(૧૧) ૧૪ જૂન ૨૦૧૩ના રોજ વિશ્વનું મોટામાં મોટું કન્ટેઇનર જહાજ કંઇ કંપનીએ બનાવ્યું?
(અ) હોંગકોંગ ફેરી કંપની (બ) સેન્ચ્યુરી શીપયાર્ડ પ્રા.લિ.
(ક) મેઇરસ્ક લાઇન (ડ) આઇ.એ.આઇ. રામ્પ્ટા

(૧૨) પાકિસ્તાનના ચૂંટણી કમિશ્નર ફખરૂદીનજી ઈબ્રાહીમ ભારતમાં કંઇ યુનિવર્સિટીમાં ભણેલાં છે?
(અ) કલકત્તા યુનિ. (બ) મુંબઇ યુનિ.
(ક) ગૂજરાત વિદ્યાપીઠ (ડ) દિલ્હી

(૧૩) અમેરિકાનો ગ્લોબલ ચેન્જ-૨૦૧૩નો પુરસ્કાર કોને એનાયત થયો?
(અ) જેનીતા પેરી (બ) મલાલા યુસુફ જઇ
(ક) ઈન્દ્રા નૂયી (ડ) ઈશા ખરે

(૧૪) અમેરિકાનો ૨૦૧૩નો પુલિત્ઝર પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો છે?
(અ) વિક્ટર જહોન (બ) એડમ જોન્સન
(ક) મેકન્ઝી પાવર (ડ) થોમસ માર્ટીન

(૧૫) ઉત્તર કોરીયાના નવા વડાપ્રધાન તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
(અ) યોગરીમ (બ) થાક પોન્ગ જુ
(ક) વાન હિમ શું (ડ) સાન પોંગ ચી



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૭ ઓકટો. ૧૯૫૬ મે.સી. જેમીસન-બ્લેક અમેરીકન ભૌતકશાસ્ત્રી, સ્પેશમાં જનાર પ્રથમ આફ્રિકન મહિલા
- ૧૭ ઓકટો. ૧૯૦૭ વાર્લ્ડમીર વાલ્ડીમીરોવીચ બેલેસ્કોવ - સોવિયેટના ભૂસ્તર વૈજ્ઞાનિક
- ૧૮ ઓકટો. ૧૯૧૯ જયોર્જ ઇ.પી. બોથી - ઈંગ્લીશ-અમેરીકન ઇજનેર કેલીન ઈન્ફલ્યુન્ટ હોવરના શોધક
- ૧૮ ઓકટો. ૧૯૦૨ પાસ્કલ જોર્ડન - જર્મન ભૌતિક વિજ્ઞાની, કેવોન્ટમ મીકેનીકલ પર સંશોધન કરનાર
- ૧૯ ઓકટો. ૧૯૩૬ જહોન નેટા કોલે - પ્રથમ આફ્રિકન-અમેરીકન મહિલા એન્થ્રોપોલોજસ્ટ અને લેખિકા
- ૧૯ ઓકટો. ૧૯૧૬ જીન ડસ્ટે - ફ્રેન્ચના ઈમ્યુનોલોજીસ્ટ, રોગ પ્રતિકારકતા પર સંશોધન. ૧૯૮૦માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૨૦ ઓકટો. ૧૯૪૨ કિસ્ટને નુસ્લેઇન-વોલ્હાર્ડ - જર્મન જનીન વિજ્ઞાની, ૧૯૯૫માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૨૦ ઓકટો. ૧૮૯૧ સર જેન્સ ચેડવીક- ઈંગ્લીશ ભૌતિક વૈજ્ઞાનિક, ન્યુટ્રોનના શોધક, ૧૯૩૬માં નોબેલ પ્રાઇઝ વિજેતા
- ૨૧ ઓકટો. ૧૯૫૦ રોનાલ્ડ ઇ. મેકનેઇર - અમેરીકન ભૌતિક વિજ્ઞાની તથા અવકાશયાત્રી
- ૨૧ ઓકટો. ૧૯૧૪ સેમ્યુઅલ ડબલ્યુ - એન્ડરસન, અમેરીકન ભૌતિક વિજ્ઞાની તથા એન્જીનીયર, સેફટી કાર, પેરાશુટ ડિઝાઇનર
- ૨૨ ઓકટો. ૧૯૦૫ કાર્લ જન્સ્કી, અમેરીકન ઇલેકટ્રીક એન્જીનીયર, કોસ્મીક રેડિયો એમીશન પર શોધ કરનાર.
- ૨૨ ઓકટો. ૧૯૦૩ જયોર્જ બાડલે - અમેરીકન જનિન વિજ્ઞાની બાયોકેમીકલ જનીન પર સંશોધન કરનાર, ૧૯૫૮માં નોબલ પ્રાઇઝ વિજેતા
- ૨૩ ઓકટો. ૧૯૨૦ ટેડ ફૂજીતા - જાપાન-અમેરીકન મેરીટીઓ લોજીસ્ટે, 'ફુજિતા સ્કેલ' આપનાર વૈજ્ઞાનિક
- ૨૩ ઓકટો. ૧૯૧૯ માનોલીસ એન્ડ્રોનીકોસ - ગ્રીક આર્કીઓલોજીસ્ટ, 'એન્શીયન્ટ રોયલ ટોમ્બ્લ'ના શોધક

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?**

**જવાબ - ઓ. પનીરસેલ્વમ સ્વોર્ન**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) ધાર્મિક એન. પટેલ : ધોળેશ્વર મહાદેવ પાસે, (ગાયત્રી રેસીડેન્સી)
(૩) નટુભાઇ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સેક્ટર-૭બી
(૫) જયેન્દ્ર એન. પાઠક : સે-૩૦ (૬) મહેશ. એમ. જાદવ : સે-૩૦
(૭) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**હરિયાણાના કયા ભૂતપૂર્વ મુખ્યમંત્રીને શિક્ષણમાં ભ્રષ્ટાચાર બદલ જેલવાસની સજા થઇ છે?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) ક (૨) ડ (૩) ક (૪) ક (૫) બ (૬) ક (૭) ક (૮) બ (૯) બ (૧૦) બ (૧૧) ૨ (૧૨) ક (૧૩) બ (૧૪) બ (૧૫) બ

# પત્રમૈત્રી : વિસરાતી જતી કલા

આપણા પૌરાણિક યુગથી માંડીને છેક આજના અતિ આધુનિક યુગ સુધીના દરેક લોકોએ જીવનમાં મૈત્રીનું મહત્વ સ્વીકાર્યું છે. વૈદિક કાળથી જ મૈત્રી વિષયક સાહિત્ય પણ સર્જાતું આવ્યું છે. સંસ્કૃત સાહિત્યમાં મોટાભાગના કવિઓએ મૈત્રી વિષયક સુભાષિતો, મુક્તકો, કાવ્યો, ખંડકાવ્યો લખ્યાં છે. તેના અનેક ઉદાહરણો મળી રહે છે. પરંતુ આજના સર્જાતા સાહિત્યમાં 'મૈત્રી'નું મહત્વ ક્યાંય જોવા મળતું નથી. કેટલીક ઉત્તમ ફિલ્મોને બાદ કરતા મૈત્રીનું મૂલ્ય દર્શાવતું કોઈ માધ્યમ હવે રહ્યું નથી. ત્યારે થાય છે કે આવનારા સમયમાં આ 'મૈત્રી'ની પરિભાષા કેવી હશે ? એનું મૂલ્ય હશે કે કેમ? એવો પ્રશ્ન આપણને જરૂર ચિંતા કરાવે છે.

પ્રત્યેક વ્યક્તિના જીવનમાં મિત્રો હોવા જરૂરી છે અને હોય પણ છે. કેમકે મૈત્રી એ જીવનની સૌથી મોટી મૂડી છે. ઘણી જગ્યાએ કશુંય કામ ન આવે ત્યારે મૈત્રી કામ લાગે છે. એનો અનુભવ આપણને સૌને ક્યાંક ને ક્યાંક થયો જ હશે !

આ દોસ્તી...!...મિત્રતા...! મૈત્રી...! શા માટે જરૂરી છે ? એ અંગે આપણે કદીએ વિચાર્યું જ નથી. બસ સાથે ભણ્યા, રમ્યા, બાજુમાં રહીએ છીએ, સાથે ફિલ્મ જોઈ, બસમાં, ટ્રેનમાં મળી ગયા... એટલે મિત્ર બની ગયા. ખરી વાત છે. મૈત્રી આ રીતે જ બંધાય છે. પરંતુ બંધાયા પછી એને ગૂંથવાની પણ હોય છે. સાચવવાની પણ હોય છે. એ આપણે ભૂલી જઈએ છીએ.



## મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

મૈત્રીની એક અતિ પ્રાચીન અને આધુનિક પધ્ધતિ પણ છે, પત્રમૈત્રી. જો કે આજે ઈન્ટરનેટ, ઈ-મેલ અને એસ.એમ.એસ. અને ફેસબૂકના યુગમાં પત્રમૈત્રીની પરંપરા ઝાંખી જરૂર પડી ગઈ છે. આમ છતાંય એનું મૂલ્ય હજી એટલું જ છે. આ પત્રમૈત્રીનો પ્રારંભ પણ પ્રાચીનયુગમાં આપણા દેશમાં જ થયો છે. દુષ્યંતે લખેલો શકુંતલાને પત્ર, પુરુરવાએ લખેલો ઉર્વશી ઉપરનો પત્ર કે ઓખાએ લખેલો અનિરૂદ્ધ ઉપરનો પત્ર... મૈત્રીના પવિત્ર બંધનની પરંપરાના આરંભ બિંદુઓ છે. આજે તો આ પરંપરા વિશ્વના ખૂણે-ખૂણે પ્રચલિત છે.

પત્રમૈત્રી એટલે પત્ર લખીને મિત્ર બનાવવાની પદ્ધતિ, પ્રક્રિયા. બે અજાણી વ્યક્તિઓ એકબીજાને પત્ર લખીને મિત્રો બનાવે અને આ પત્રસેતુ ચાલતો જ રહે. પત્રો લખાતા જાય, મૈત્રી બંધાતી જાય ગાઢ થતી જાય. આવા પત્ર સાહિત્યનો પણ અભ્યાસ કરવા જેવો હોય છે. જે વ્યક્તિ ક્યાંય કોઈની પાસે ખૂલી શકતો નથી, હળવો થઈ શકતો નથી તે આવા પત્રોમાં પોતાના મનની વ્યથા ઠાલવતો હોય છે... અને પછી તો ફોટાની લેવડ-દેવડ... જીવનની, કુટુંબની રીતભાત-રીત-રિવાજોની, સામાજિક-સાંસ્કૃતિક ઉત્સવોની, શોખની, વિચારોની, સપનાઓની, અભ્યાસની, પ્રવૃતિઓની વિગતો લખતી જાય છે અને મૈત્રી ગાઢ મિત્રતામાં પરિણમે છે અને ક્યારેક બંને સામસામે નક્કી કરીને એક-બીજાને ઘેર જઈ મળે છે અને ઘણી વખત આ પત્રમૈત્રી - જીવનની મૈત્રી બની જાય છે.



આ રીતે પત્રમૈત્રી એક માનસિક રીતે હળવા થવાની પ્રવૃતિ પણ છે. વળી પત્ર લખવાથી વ્યક્તિ ટેન્શન મુક્ત બની જાય છે. થોડો હળવો થાય છે. જીવન જીવવાનું એક બળ મળે છે. એક નવી દિશા મળે છે. ઘણી વખત આવી મૈત્રીમાં સ્નેહ-સંવેદના મળવાથી જીવનને એક નવી પ્રેરણા પણ મળે છે અને જીવનના કેટલાંક લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે સ્નેહ-આત્મબળ પણ પ્રાપ્ત થતું હોય છે. કેમકે આપણે જાણીએ છીએ કે ભલે આપણા કામની કોઈ કદર કરે કે ના કરે પણ આપણો એક મિત્ર છે જે આપણા કાર્યની કદર તો કરે જ છે પણ એને બિરદાવે પણ છે. અને આ પ્રોત્સાહનથી આપણે કદાચ અકલ્પનીય સફળતા પણ મેળવી શકીએ છીએ.

આ પત્રમૈત્રીમાં ફોટાઓની પણ આપ-લે થાય છે, ગ્રિટીંગ્સ કાર્ડ, બર્થ ડે કાર્ડ, ફ્રેન્ડશીપ કાર્ડની પણ આપ-લે કરાય છે અને ઘણી વખત મૈત્રી ગાઢ હોય તો એકબીજાને ભેટ સોગાદો પણ મોકલાય છે અને આવી ભેટસોગાદો જીવનની અમૂલ્ય ઘટનાઓમાંની એક હોય છે.

પત્રમૈત્રી દ્વારા કેળવેલી સાચી મૈત્રી એ જીવનની એક ઉત્તમ ઉપલબ્ધિ બની રહે છે. અહીં એક વાત નોંધવી જોઈએ કે આવી પત્રમૈત્રી મોટેભાગે યુવક-યુવતીઓ વચ્ચે જ હોય છે અને એ સાહજિક પણ છે. એ વિજાતીય આકર્ષણ યુગોથી ચાલ્યું આવે છે. જોકે આવી મૈત્રીને શંકાની નજરથી જોવામાં આવે છે. શું સ્ત્રી-પુરુષ સાચા મિત્ર ન હોઈ શકે ? આજે યુગ બદલાયો છે. પણ આપણા સમાજની માન્યતાઓ, પરંપરાઓ, વિચારો અને સંસ્કારો બદલાયા નથી. સ્ત્રી-પુરુષની મૈત્રીનો ભેદ આજે મહાનગરોમાં સાવ લૂપ્ત થવાના આરે છે. ત્યારે આ તો પત્રમૈત્રી છે જો પત્રમાં સચ્ચાઈ, સજ્જતા અને સંસ્કારિતા હશે તો જ આવી પત્રમૈત્રી જીવંત રહેવાની નહિતર એક જ પત્રમાં પૂર્ણવિરામ પણ આવી જતું હોય છે. કેમકે આવા પત્રોની પણ એક ભાષા હોય છે. સંસ્કાર હોય છે. મર્યાદાઓ હોય છે. આવા પત્રો આખો પરિવાર વાંચતો હોય છે અને મોટેભાગે પરિવારની સહમતિથી જ આવી પત્રમૈત્રીને આગળ વધારવી જોઈએ. જેથી ભવિષ્યમાં ક્યારેય ગેરસમજ થવાની સંભાવના ન રહે.

આ પત્રમૈત્રીમાં જ્ઞાતિ-જાતિ, ધર્મ, ભાષા કે પ્રદેશના કોઈ ભેદભાવ નથી હોતા. આજે જો અંગ્રેજી આવડતું હોય તો દુનિયાના કોઈપણ દેશમાં પત્રમૈત્રી કેળવી શકાય છે અને ઘણી વખત આવી મૈત્રીથી વ્યક્તિની કેરિયર પણ બનતી હોય છે. પત્રમૈત્રીથી જુદી જુદી ભાષા અને સંસ્કૃતિનો પરિચય થાય છે. જુદા જુદા સ્વભાવના માણસોનો પરિચય, તેમના સપનાઓ, વિચારો જાણવા-સમજવા મળે છે. પત્રમૈત્રી દ્વારા આપણે આપણી આંતરિક પ્રતિભા ઉપસાવી શકીએ છીએ કેમકે પત્રમૈત્રી એ આપણા વિચારો અને સંસ્કારોનો પડઘો છે. નેતૃત્વ શક્તિનો પરિચય છે. પ્રતિભાનું મુલ્યાંકન છે એક ખૂબ જ સરળ અને અઘરી કલા છે.

કેમકે આજના યુગમાં પત્ર લખવાનું જ ભૂસાતું જાય છે. મૈત્રીનું કોઈ મૂલ્ય નથી રહ્યું ત્યાં વળી પત્રમૈત્રી કોણ કરે ? આમ છતાંય યુગ ગમે તેટલો આગળ વધે, વિજ્ઞાન ગમે તેટલી પ્રગતિ કરે પરંતુ 'પત્ર' લખવાની કળા અને પરંપરાને તે ક્યારેય નામશેષ કરી શકશે નહીં એનું એક કારણ એ પણ છે કે કોમ્પ્યૂટરમાં ઈન્ટરનેટ-ઈ-મેલ દ્વારા લખેલો પત્ર અને સ્વચ્છ કાળ ઉપર સુંદર અક્ષરોમાં લખેલા પત્ર વચ્ચેનો ભેદ પ્લાસ્ટીકના ફૂલ અને સાચા ફૂલ જેવો છે. સાચા ફૂલો મહેકે છે. એની સુગંધ આપણા શ્વાસના ઊંડાણ સુધી જાય છે. તેવી રીતે હસ્તાક્ષરમાં લખેલાયેલો પત્ર એમાંની સંવેદનાને છેક આપણા હૃદયના ઊંડાણ સુધી પહોંચાડે છે. વ્યક્તિને મળ્યાનો આનંદ આપે છે. પત્રનો કાગળ એમાંના અક્ષરોને સ્પર્શીને વ્યક્તિને મિત્રને સ્પર્શ્યાનો અહેસાસ કરાવે છે. આવા પત્રોને વર્ષો સુધી-યુગો સુધી સાચવી શકાય છે. ફરી ગમે ત્યારે વાંચી-વંચાવી શકાય છે.

જોકે આજે પત્રમૈત્રીને નામે અનેક અસામાજિક પ્રવૃત્તિઓ થઈ રહી છે એને વ્યાવસાયિક રૂપ પણ આપવામાં આવ્યું છે. નેટવર્ક માર્કેટીંગની પદ્ધતિ પણ આમાં પ્રવેશી છે. આવી સંસ્થાઓ અને વ્યક્તિથી ચેતવું-બચવું પણ જરૂરી હોય છે. જોકે પત્રમૈત્રીથી વ્યાવસાયિક રીતે ફાયદો થતો હોય તો એ પદ્ધતિ સ્વીકારવામાં કોઈ જોખમ પણ નથી.

મિત્રો, તમારા જીવનમાં મિત્રો તો હશે ! પરંતુ પત્રમિત્રો છે ? નથી તો કરી જુઓ...! આ એક નવો જ અનુભવ છે. તમારી ભાષાને-સ્વભાવને સંસ્કારિતાના નવા વસ્ત્રો પહેરાવી સ્વચ્છ કાગળ પર ઉતારી તમારા વિચારોને કોઈની તરફ વહેતા કરો તો જરૂર તમારા મનના સંકેતો ઉપગ્રહની જેમ ક્યાંક ઝીલાઈ જશે અને તમને મળી જશે એક ઉત્તમ 'પત્રમિત્ર', એવો પત્ર તમે મને પણ લખી શકો છો !, તમારા પ્રિયપાત્રને પણ લખી શકો છો અને ઈશ્વરને પણ લખી શકો છો... શું તમને નથી લાગતું કે તમારું સર્જકત્વ તમને આહ્‌વાન આપી રહ્યું છે ? તો ઉપાડો કલમ અને લખો...

*"ચાલ પત્રમાં મળી લઈએ સાથે થોડું રડી લઈએ*
*બે અક્ષર તું લખે બે હું વેદનાને વણી લઈએ"*

# આંખની ભાષા V/S જીભની ભાષા

**Face Expression is easier for audience to understand than the dialogues.**

***- Charlie Chaplin***

***(દર્શકો માટે સંવાદ કરતાં ચહેરાના હાવભાવ સમજવાનું વધુ સરળ હોય છે - ચાર્લી ચેપ્લિન)***

આ વિધાન ચાર્લી ચેપ્લિને એમની ફિલ્મ 'મોર્ડન ટાઇમ્સ'ના પ્રીમિયર શો સમયે કર્યું હતું. પોતાની મૂંગી ફિલ્મોમાં એમણે ચહેરાના હાવભાવ દ્વારા સરસ અભિનય કરી સંવાદોની ગેરહાજરી કયારેક જણાવા દીધી નથી. ચાર્લી ચેપ્લિને ફક્ત હાવભાવ (Expression) દ્વારા જે સિદ્ધ કર્યું તે આજના કેટલાક અભિનેતાઓ માટે સંવાદની મદદથી પણ અઘરું બની ગયું હોય એવું કેમ લાગ્યા કરે છે? આનો જવાબ એ હોઇ શકે કે આપણે સાચુકલું જીવવાનું ભૂલવા લાગ્યા છીએ. જીવનના મૂળ સ્ત્રોતથી આપણે અળગા થઇ જઇએ છીએ. સૂક્ષ્મ આનંદ મેળવવાની ઇચ્છાના સ્થાને શરીરલક્ષી મજા લૂંટાય એટલી લૂંટી લેવા પર આપણે ફોક્સ ગોઠવી દીધું છું. પરિણામે આપણે મૌલિકતા ગુમાવતા જઇએ છીએ અને વધુને વધુ નકલખોર થતાં જઇએ છીએ. જૂની કલાત્મક ફિલ્મોની રિમેક અને કર્ણપ્રિય સૂરીલાં જૂનાં ગીતોને રિમિક્સના નામે આપણે તોડી-મરોડી નાખીએ છીએ. હવે તો ફિલ્મો અને સિરીયલોનાં શિર્ષકમાં પણ મૌલિકતાનો અભાવ દેખાય છે.

## અક્ષયપાત્ર

- બકુલ દવે

અગાઉ નકલ થતી જ ન હતી એવું ન હતું. રાજ કપૂરે ચાર્લી ચેપ્લીનની નકલ પોતાની અનેક ફિલ્મોમાં કરી જ છે, પણ નકલ કરવી તે પણ એવું અને કેટલું સર્જનાત્મક હોઇ શકે તેની એમણે સૌને પ્રતીતિ કરાવી આપી. દર્શકોએ એમને પોતાના હૈયામાં સ્થાન આપ્યું અને ઊડીને આંખે વળગે એવું એક અને માત્ર એક કારણ એટલું જ કે એમણે ચાર્લી ચેપ્લિનના અભિનયનું શબ્દશઃ ભાષાંતર ન કર્યું પણ એનો ભાવાનુવાદ કર્યો. ભાવાનુવાદ કરવા માટે કલાકારની સંવેધનશીલતા ઉપરાંત કલા માટેની ઊંડી સમજ અને સજ્જતા જોઇએ. ભાષાંતર બૌદ્ધિક વ્યાયામ છે. ભાષાજ્ઞાન ધરાવતી કોઇ પણ વ્યક્તિ તે કરી શકે, ભાવાનુવાદ કોઇક જ કરી શકે.

એક જમાનો હતો જયારે હિન્દી ફિલ્મોમાં ભાવાત્મક અભિવ્યક્તિ એના ઉચ્ચત્તમ શિખર પર હતી. તેને સુસંગત એવું મધુર સંગીત અને બળકટ પટકથા દર્શકોને જુદી જ દુનિયામાં લઇ જતા. એ સમયની અભિનેત્રીઓ મીનાકુમારી, મધુબાલા, નરગીસ, વગેરે અભિનયના સાથિયા પૂરતી. ભાવવાહી ચહેરા લાગણીઓને બિંબિત કરતા. આંખો દ્વારા ચૂપ રહીને પણ ઘણું કહેવાઇ જતું. ૧૯૭૩ના વર્ષમાં એક ફિલ્મ આવી હતી, 'કોશિશ.' એમાં સંજીવકુમાર અને જયા ભાદુરીએ મૂંગાં પતિપત્નીનો રોલ કર્યો હતો. સંવાદની ટેકણલાકડી વગર એમણે એ ફિલ્મમાં અભિનયની કવિતા રચી હતી.

આજનો માણસ બહારથી અને ભીતરથી અશાંત અને છિન્નભિન્ન છે. પહોંચ ટૂંકી છે ને એની અપેક્ષાઓ વધી ગઇ છે. અપેક્ષાઓને પૂરી કરવા એ ધમપછાડા કરે છે ને એ બધું જાણે-અજાણે એના વ્યવહાર અને વર્તનમાં દેખાતું હોય છે. એના પ્રભાવ હેઠળ ફિલ્મો અને સિરીયલો પર બોલકી બની ગઇ છે. બિનજરૂરી બડબડાટ કરતાં પાત્રો મજા બગાડી નાખે છે. એટલું અધુરું હોય તેમ પાર્શ્વસંગીતના નામે સતત ઘોંઘાટ અણગમો ઉપજાવે એવું મોટા ભાગની સિરીયલોમાં બને છે. પાર્શ્વ (પડખે) નથી રહેતું, આગળ આવી સંવાદોને દબાવી દે છે.

વિવિધ અવાજોથી ઘેરાયેલા આજના માણસને ચૂપ રહેવાનું ફાવતું નથી. એ નિઃશબ્દતાનો ઝાઝો સમય જીરવી શકતો નથી. મૌનનો મહિમા કરવાનું ભુલાતું જાય છે. વાસ્તવમાં, મૌનનો આદર કરી શકવાની ક્ષમતા હોય એ જ શબ્દોનો પણ વિવેકપૂર્વક ઉપયોગ કરી શકે છે ને શ્રેષ્ઠ કલાકારોએ એમના ભાવવાહી અભિનય દ્વારા તે સુપેરે દર્શાવી આપ્યું છે.